
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૧૪ | ૪ જુલાઈ, ૨૦૨૧, રવિવાર; જયેષ્ઠ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦




# પુષ્કરસિંહ ધામી ઉત્તરાખંડના નવા મુખ્યમંત્રી

**ધારાસભ્ય દળની બેઠકમાં નિર્ણય લેવાયો : બંધારણીય કટોકટી ટાળવા માટે તીરથસિંહ રાવતે રાજીનામુ આપ્યું હતું, પુષ્કરસિંહ ધામી ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ રહી ચૂક્યા છે**



દહેરાદૂન,તા.૩

ઉત્તરાખંડમાં તિરથસિંહ રાવતનાં મુખ્ય પ્રધાનપદેથી રાજીનામું આપ્યા બાદ નવા મુખ્ય પ્રધાનની પસંદગીને લઈને રાજકીય હલચલ વધી ગઈ હતી. રાજયમાં ભાજપના નિરીક્ષકો નરેન્દ્રસિંહ તોમર અને ડી પૂર્ણેશ્વરી દહેરાદૂન ખાતે પાર્ટીના મુખ્યાલયમાં બેઠક શરૂ કરી છે. જેમા ઉત્તરાખંડના સીએમ તરીકે યુવા નેતા પુષ્કરસિંહ ધામીની પસંદગી કરવામાં આવી છે.

આ પહેલા એવું કહેવામાં આવી રહ્યું હતું કે યુવા પુષ્કર ધામી (ખાટીમાથી ભાજપના ધારાસભ્ય), ડીડીહાટ વિધાનસભા બેઠકના ભાજપના ધારાસભ્ય અને ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખ બિશનસિંહ ચૂફાલ અથવા ત્રિવેન્દ્રસિંહ રાવતમાંથી એક ઉત્તરાખંડના નવા સીએમ બની શકે છે. ત્રિવેન્દ્રસિંહ રાવતે તાજેતરમાં જ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યું હતું. પરંતુ અંતે મુખ્યમંત્રી પદ માટે પુષ્કર સિંહ ધામીનું નામ નક્કી થઈ ગયું છે.

પુષ્કરસિંહ ધામી ભાજપ યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ રહી

● અનુસંધાન-પાન-૭ પર

## કોવેક્સિન ડેલ્ટા વેરિઅન્ટ સામે ૬૫.૨% અસરકારક

**ત્રીજા તબક્કાની ટ્રાયલના પરિણામ જાહેર કરાયા : ગંભીર સંક્રમણનો ભોગ બનેલા માટે કોવેક્સીન ૯૩.૪% પ્રભાવી જણાઈ છે**

નવી દિલ્હી, તા.૩

ભારતની સ્વદેશી કોરોના રસી વિશે મોટા સમાચાર આવ્યા છે. ભારત બાયોટેકે પોતાની કોવિડ રસી કોવેક્સિનના ત્રીજા ફેઝના ટ્રાયલના પરિણામ જાહેર કર્યા છે. જે મુજબ COVAXIN કોરોના વિરુદ્ધ ૭૭.૮% અસરકારક છે. જ્યારે ખતરનાક ડેલ્ટા વેરિઅન્ટ સામે તે ૬૫.૨% અસરકારક છે. ત્રીજા તબક્કાની ટ્રાયલમાં કુલ ૨૪,૪૧૯ લોકોને સામેલ કરવામાં આવ્યા હતા. જેમાંથી ૧૨,૨૨૧ લોકોને અસલી વેક્સીનના બંને ડોઝ અપાયા હતા. જ્યારે ૧૨,૧૯૮ લોકોને પ્લેસિબો અપાઈ હતી.

કોરોના વાયરસના ગંભીર સંક્રમણનો ભોગ બનેલા લોકોની વાત કરીએ તો કોવેક્સીન તેના વિરુદ્ધ ૯૩.૪% પ્રભાવી જણાઈ છે. કંપનીએ અધિકૃત રીતે પરિણામો બહાર પાડતા જણાવ્યું કે ત્રીજા ફેઝની ટ્રાયલમાં ભાગ લેનારા ૧૬,૯૭૩ લોકોને બંને ડોઝ (અસલ વેક્સીન કે પ્લેસિબો) આપ્યાના ઓછામાં ઓછા બે અઠવાડિયા સુધી તેમના સ્વાસ્થ્ય પર નજર રાખવામાં આવી. તેના ફોલોઅપમાં જાણવા મળ્યું કે ૧૩૦ વોલેન્ટિયર્સને કોરોના સંક્રમણ થયું, તેમાંથી ૨૪ લોકો એવા હતા જેમને અસલ રસીના બંને ડોઝ અપાયા બાદ કોવિડ થયો જ્યારે ૧૨૪ વોલેન્ટિયર્સ એવા હતા જેમને પ્લેસિબો આપ્યા બાદ કોવિડ થયો હતો.

એ જ રીતે કોવિડનું ગંભીર સંક્રણ જે ૧૬ વોલેન્ટિયર્સમાં જોવા મળ્યું તેમાંથી ફક્ત એકને જ અસલી રસી આપવામાં આવી હતી જ્યારે બાકીના




૧૫ને પ્લેસિબો આપવામાં આવી હતી. આ ટ્રાયલમાં જાણવા મળ્યું કે ૬૦ વર્ષથી ઉપરના લોકોમાં કોવેક્સીન ૬૭.૮% પ્રભાવી છે. અને ૬૦ વર્ષથી ઓછી ઉંમરના લોકો પર ૭૯.૪% પ્રભાવી છે. ત્રીજા ફેઝની ટ્રાયલ દરમિયાન કુલ ૯૯ વોલેન્ટિયર્સમાં ગંભીર સાઈડ ઈફેક્ટ્સ પણ જોવા મળી. જેમાંથી ૩૯ વોલેન્ટિયર્સ અસલ રસીવાળા અને ૬૦ પ્લેસિબોવાળા હતા. ત્રીજા ફેઝની ટ્રાયલમાં ભાગ લેનારા ૧૫ વોલેન્ટિયર્સના મોત પણ થયા છે. જેને લઈને કંપનીએ ભાર દઈને કહ્યું છે કે તેમાંથી કોઈ પણ વોલેન્ટિયરના મોતનું કારણ રસી કે પ્લેસિબોની આડઅસર નહતી.

## ડેલ્ટા વેરિયન્ટ ખૂબ જ ખતરનાક : WHO

**ડબલ્યુએચઓના ડાયરેક્ટર જનરલ ટેડ્રોસ ગેબ્રિયેસસની ચેતવણી : ભારતમાં સૌથી પહેલા મળેલો કોરોનાનો ડેલ્ટા વેરિયન્ટ સમગ્ર દુનિયાના ૧૦૦ દેશોમાં મળ્યો, વેક્સિન ઓછું થયું હોય ત્યાં કેસ ફરી વધવા લાગ્યા**

જિનેવા, તા. ૩

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના વડાએ ભારતમાં પ્રથમ વખત મળી આવેલા કોરોના વાયરસના ડેલ્ટા વેરિયન્ટ વિશે ચેતવણી આપી છે. ડબ્લ્યુએચઓનાં ડાયરેક્ટર જનરલ ટેડ્રોસ અધાનામ ગેબ્રિયેસસ ચેતવણી આપી કે, વિશ્વ કોવિડ -૧૯ રોગચાળાના ખૂબ જ 'ખતરનાક તબક્કા'માં છે, જેના ડેલ્ટા જેવા સ્વરૂપો વધુ ચેપી છે અને સમય જતાં સતત બદલાતા રહે છે. તેમણે કહ્યું કે, જે દેશોમાં ઓછી વસ્તીને રસી આપવામાં આવી છે, ત્યાં હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યા ફરી વધવા માંડી છે.

ટેડ્રોસે શુક્રવારે એક ન્યૂઝ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, કોરોનાનો ડેલ્ટા ફોર્મ વધુ ચેપી છે અને આ વેરિયન્ટ ઘણા દેશોમાં ફેલાઈ રહ્યું છે. અમે આ

● અનુસંધાન-પાન-૭ પર



## મિઝોરમ-આસામ વચ્ચે સરહદ મામલે પોલીસ આમને-સામને

નવી દિલ્હી, તા. ૩

બે દેશો વચ્ચે સરહદનો વિવાદ થાય તે તો સમજી શકાય છે પણ ભારતના બે રાજ્યો સરહદના મામલે એક બીજાની સાથે ટકરાવમાં ઉતર્યા છે.

મિઝોરમ પોલીસે આસામ પોલીસ પર આરોપ લગાવ્યો છે કે, મિઝોરમના પોલીસ જવાનો દ્વારા બનાવવામાં આવેલા બે કામચલાઉ કેમ્પને આસામ પોલીસે નુકસાન પહોંચાડ્યુ છે.આ આરોપ બાદ બંને રાજ્યોની સરહદ પર તનાવ વધી ગયો છે.મિઝોરમના કોલાસિબ જિલ્લાના તંત્રના કહેવા પ્રમાણે રાજ્યની પોલીસે બોર્ડર એરિયામાં ત્રણ કેમ્પ ઉભા કર્યા હતા.જેમાંથી બેને આસામ પોલીસે નુકસાન પહોંચાડયુ છે. જેના જવાબમાં આસામનુ કહેવુ છે કે, આ કેમ્પ આસામની બોર્ડરમાં બનાવવામાં આવ્યા હતા, મિઝોરમ પોલીસે આસામમાં ઘૂસણખોરી કરીને જંગલની જમીન પર કેમ્પ લગાવ્યા હતા. આસામ સરકારનુ કહેવુ છે કે, પોલીસ દ્વારા પેટ્રોલિંગ થઈ રહ્યુ હતુ તે વખતે કામચલાઉ કેમ્પ જોવા મળ્યા હતા. જે જંગલની જમીન પર બનાવાયા હતા અને સુપ્રીમ કોર્ટનુ કહેવુ છે કે, વન વિસ્તારમાં કોઈ પણ દબાણ થઈ શકે નહીં.

## મુંબઈના ઉરણના નહેરુ પોર્ટ પરથી ૩૦૦ કરોડનું ડ્રગ્સ જબ્બે

મુંબઈ, તા. ૩

મુંબઈમાં કસ્ટમ વિભાગે મોટી કાર્યવાહી કરીને અધધ.. ૩૦૦ કરોડ રુપિયાનુ ડ્રગ્સ ઝડપી પાડ્યા બાદ સરકાર પણ ચોંકી ઉઠી છે. કસ્ટમ વિભાગે પકડાયેલા ડ્રગ્સમાં ૨૯૦ કિલો હેરોઈનનો સમાવેશ થાય છે.આટલો મોટો જથ્થો નવી મુંબઈના ઉરણ કિનારા પરના જવાહરલાલ નહેરુ પોર્ટ ટ્રસ્ટ ખાતેથી પકડવામાં આવ્યો છે.કસ્ટમ વિભાગે હવે આ કેસને ડિરેક્ટોરેટ ઓફ રેવેન્યુ ઈન્ટેલિજન્સના હવાલે કરી દીધો છે. આ પ્રકરણમાં બે લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે.

## લદાખ સરહદે ચીને ૫૦ હજાર જવાન તૈનાત કરતા ભારત સચેત

**ભારતે ચીનની નાપાક ચાલની સામે ટક્કર માટે ટી-૯૦ ભીષ્મ, પિનાક રોકેટ, રફાલ સહિતના શસ્ત્રો તૈનાત કર્યા**

બેઈજિંગ

લદાખમાં સીમાને લઈને ચાલી રહેલા વિવાદનો અંત લાવવાના બેઠકોના દોર વચ્ચે ચીને બોર્ડર પર સૈનિકોનો જમાવડો વધારી દીધો છે. આ જ કારણે ભારતને પણ મિરર ડિપ્લોલમેન્ટ પોલીસી હેઠળ ૫૦ હજાર જવાનો તૈનાત કરવા પડ્યાં હતા.

ભારત-ચીન સીમા પર સૈનિકોની આ તૈનાતીને દશકનું સૌથી મોટુ સૈન્ય તણાવ બતાવવામાં આવી રહ્યું છે. ગયા વર્ષે જૂનમાં ગલવાન હિંસા બાદ બંને દેશોની સેનાઓ પૂર્ણ તૈયારીઓ સાથે સીમા પર તૈનાત છે.

વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટ મુજબ, ચીને ગલવાન હિંસા દરમિયાન તૈનાત સૈનિકોની સંખ્યા કરતા ૧૫ હજાર વધુ જવાનો આ વખતે તૈનાત કર્યા છે. ભારતીય ગુપ્તચર એજન્સીઓ અને સૈન્ય અધિકારીઓની જણાવ્યા મુજબ, ચીનની પીપુલ્સ લિબરેસન આર્મીએ છેલ્લાં કેટલાંક મહિનાઓમાં ધીરે ધીરે સેનાની હાજરીને વધારીને ૫૦ હજારથી પણ વધુ કરી દીધી છે.

બને દેશો વચ્ચેના તણાવ દરમિયાન સીમા વિસ્તારમાં ખૂબ વધારે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વિકસિત કરવામાં આવ્યું છે. જેમાં શિયાળા દરમિયાન સૈનિકોને રહેવા માટે ઈન્સ્યૂલેટેડ કેબિન અને ટેન્ટ પણ સામેલ છે. ભારત અને ચીન વચ્ચે મોટાભાગે સૈન્ય નિર્માણ પૂર્વ લદાખમાં કરવામાં આવ્યું છે. અહીં ગોગરા-હોટસ્પ્રિંગ, ડેપસાંગ અને

● અનુસંધાન-પાન-૭ પર

## આમિર-કિરણ રાવ છૂટા પડ્યા, આઝાદના સમર્પિત પેરેન્ટસ હશે

**થોડા માસ પહેલાં ૧૫મી એનિવર્સરી ઉજવી હતી : જીવનમાં નવા પ્રકરણની શરૂઆત પતિ-પત્ની તરીકે નહીં, કો-પેરેન્ટ્સ, એકબીજા માટે પરિવાર બનીને કરવાની ઈચ્છા**

મુંબઈ, તા. ૩

બોલિવુડ એક્ટર આમિર



ખાન અને પત્ની કિરણ રાવે થોડા મહિના પહેલા જ ૧૫મી વેડિંગ એનિવર્સરી સેલિબ્રેટ કરી હતી. હવે કપલના ફેન્સ માટે ચોંકાવનારા સમાચાર આવી રહ્યા છે, તેમણે ડિવોર્સની જાહેરાત કરી છે. કપલ તરફથી એક ઓફિશિયલ સ્ટેટમેન્ટ બહાર પાડીને આ વિશેની જાણકારી આપવામાં આવી છે.

લાંબા સ્ટેટમેન્ટમાં કિરણ અને આમિરે જણાવ્યું છે કે, તેઓ છેલ્લા થોડા સમયથી અલગ થવાનું પ્લાનિંગ કરી રહ્યા હતા. કપલે એમ પણ કહ્યું છે કે, છૂટા પડ્યા પછી તેઓ દીકરા આઝાદ માટે 'સમર્પિત પેરેન્ટ્સ' રહેશે. તેઓ સાથે મળીને આઝાદને મોટો કરશે. આ સ્ટેટમેન્ટમાં કપલે એમ પણ કહ્યું છે કે, તેઓ પાની ફાઉન્ડેશન માટે સાથે મળીને કામ કરતા રહેશે.

પરિવર્તનને અપનાવો. નેતૃત્વ કરતાં શીખો.
એડમિશન માટે આજે જ સંપર્ક કરો :
SIHM
સ્ટેટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ
સિધ્ધપુર, ગુજરાત
(AICTE Approved & GTU Affiliated)
એવી શ્રેષ્ઠતા પ્રાપ્ત કરો કે ટોચની હોટલ ચેઈન્સ આપને પસંદ કરે
બેચલર ઓફ હોટલ મેનેજમેન્ટ એન્ડ કેટરિંગ ટેકનોલોજી
પાત્રતાઃ ૧૨ પાસ (કોઈપણ પ્રવાહ) | કોર્સ અવધિઃ ૪ વર્ષ



ભારતભરની ટોચની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સમાં ૧૦૦% પ્લેસમેન્ટ સહાય
સુવિધાઓ
અત્યાધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર | નિષ્ણાત ફેકલ્ટી | યોગ્ય અધ્યાપન | રિસર્ચ લેબ | સ્પર્ધાઓ | કારકીર્દિ માર્ગદર્શન
સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | પ્લેસમેન્ટ સેલ | હોસ્ટેલ સુવિધાઓ | SIHM ક્લબ | મેન્ટરશિપ | ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ



Gujarat Tourism
એડમિશન માટે સંપર્ક કરોઃ 9825784099 9825768099
સ્ટેટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ
ડેન્ટલ કોલેજની નજીક, દેથલી રોડ, ગામઃ ખોલવાડા, તાઃ સિધ્ધપુર,
જીલ્લોઃ પાટણ, ગુજરાત. ફોનઃ ૦૨૭૬૭-૨૨૧૫૨૫, ૨૨૪૫૨૫
ઈમેઈલઃ info@sihm.ac.in | વેબસાઈટઃ www.sihm.ac.in | www.gujarattourisom.com
એડમિશન માટે આજે સંપર્ક કરો :

મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ | ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

300 વારનો પ્લોટ વેચવાનો છે
૩૦ ફૂટ રોડ ટચ, ૩૦૦ વારથી મોટો પ્લોટ, પ્રિમિયમ એરિયા, ૧૦૦ વારનું બાંધકામ, ઘ-રોડથી ૧૮૦ મી. જેટલા અંતરે પૂર્વમાં. Opp. દેવભૂમિ હોમ્સ. ઘ-૮ (ચેતક સર્કલ)થી ૫ મિનિટના વોકિંગ ડિસ્ટન્ટે, પ્લોટ + મકાન વેચવાનો છે. ૧૩૫ લાખ
મો. ૯૪૨૯૯૬૬૭૨૯, ૭૪૦૫૫૭૪૦૬૫